# BUSINESS મિત્ર

## યુદ્ધની આગમાં શેરબજાર ખાખ: ક્રૂડમાં ઉછાળો અને FIIની વેચવાલીથી રોકાણકારોના અબજો ધોવાયા

# સેન્સેક્સ-નિફ્ટીમાં વર્ષનો સૌથી મોટો સાપ્તાહિક કડાકો

**રૂપિયો** વિક્રમી નીચલા સ્તરે લપસ્યો: મિડકેપ-સ્મોલકેપ શેરોમાં દબાણ જોવાયું

**આગામી** સપ્તાહમાં ભારતીય શેરબજારમાં અસ્થિરતા ચાલુ રહેશે અને વધઘટે નીચે સરકતું જોવાશે

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 7:** યુએસ, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધતા ભૌગોલિક રાજકીય તણાવને કારણે ભારતીય શેરબજાર દબાણ હેઠળ હતું, જેનું મુખ્ય કારણ ક્રુડ ઓઈલના ભાવમાં તીવ્ર ઉછાળો આવ્યો હતો. નબળા વૈશ્વિક સંકેતો, રૂપિયો ઘટી રહ્યો હોવાના કારણે એફઆઈઆઈના સતત વેચાણે રોકાણકારોના સેન્ટિમેન્ટને વધુ અસર કરી છે. જેના કારણે વિતેલા સપ્તાહિક સ્તરે બીએસઈ સેન્સેક્સ 2368.29 પોઈન્ટ એટલે કે 2.91 ટકા ઘટીને 79000 પોઈન્ટ તોડીને 78918.90 પોઈન્ટ પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી 728.20 પોઈન્ટ એટલે કે 2.89 ટકા ઘટીને 24500 પોઈન્ટની સપાટી તોડીને 24450.45 પોઈન્ટ પર બંધ થઈ હતી.

વિતેલા સપ્તાહમાં સેન્સેક્સ તથા નિફ્ટીએ એક વર્ષનો સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો કર્યો છે, જેની પાછળ ઈરાન સામે યુએસ અને ઈઝરાયેલના યુદ્ધ કારણભૂત રહ્યું છે. જોકે, હજુય પરિસ્થિતિમાં કોઈ સુધારો થયો નથી. જેથી વધઘટે આ ઘટાડો આગળ વધી શકે તેવી પુરેપુરી શકયતા જોવાઈ રહી છે. એટલું જ નહીં, સેન્સેક્સ અને નિફ્ટીએ ટેકનીકલી પણ તમામ સપોર્ટ લેવલ તોડી નાંખ્યા છે, જેથી આ લેવલ વધુ નીચે જાય તેવું માનવામાં આવી રહ્યું છે. ગત સપ્તાહમાં ટુંકા સત્ર દરમ્યાન લાર્જકેપ શેરોમાં વધુ દબાણ રહ્યું હતું, પણ તેની સાથે બ્રોડર માર્કેટમાં પણ દબાણ જોવાયું હતું.

વિતેલા સપ્તાહમાં બીએસઈના સ્મોલકેપ ઈન્ડેક્સમાં 3.3 ટકાનો ઘટાડો થયો હતો. જેમાં ઈન્ફોબીન્સ ટેક્નોલોજીસ, વર્થ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ટ્રેડિંગ, ઓર્કિડ ફાર્મા, સાધના નાઈટ્રોકેમ, રાજેશ એક્સપોર્ટ્સ, નેટવેબ ટેક્નોલોજીસ ઈન્ડિયા, અગ્રવાલ ઈન્ડસ્ટ્રીયલ કોર્પોરેશન, જેટીએલ ઈન્ડસ્ટ્રીઝ, ડીપી અભૂષણ, સ્ટેલિયન ઈન્ડિયા ફ્લોરોકેમિકલ્સમાં 15થી 25 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. જ્યારે જિંદાલ પોલી ફિલ્મ્સ, જિંદાલ ડ્રિલિંગ ઈન્ડસ્ટ્રીઝ, હિન્દુસ્તાન ઓઈલ એક્સપ્લોરેશન કંપની, રૂબી મિલ્સ, પારસ ડિફેન્સ એન્ડ સ્પેસ ટેક્નોલોજીસ, એન્ટેલોપસ સેલાન એનર્જી, એક્સ્ટેલ ઈન્ડસ્ટ્રીઝ, સ્ટરલાઈટ ટેક્નોલોજી અને જ્યુપિટર વેગન્સમાં 12થી 25 ટકાનો વધારો જોવા મળ્યો હતો.

બીએસઈનો લાર્જકેપ ઈન્ડેક્સ 3 ટકા ઘટ્યો હતો. આઈઓસી, લોઢા ડેવલપર્સ, અદાણી ગ્રીન એનર્જી, ઈન્ટરગ્લોબ એવિએશન, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ, બોશ, ગેલ ઈન્ડિયા, ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, બેંક ઓફ બરોડામાં 8થી 10 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. બીજી તરફ સોલર ઈન્ડસ્ટ્રીઝ ઈન્ડિયા, મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ, ભારત ઈલેક્ટ્રોનિક્સ, હિન્ડાલ્કો ઈન્ડસ્ટ્રીઝ, સન ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રીઝ લાર્જ કેપના ટોપ ગેનર્સ હતા. બીએસઈનો મિડકેપ ઈન્ડેક્સ 3 ટકા ઘટ્યો હતો. એજીસ વોપાક ટર્મિનલ્સ, પેટ્રોનેટ એલએનજી, રેલ વિકાસ નિગમ, એલટી ટેક્નોલોજી સર્વિસિસ, કેપીઆઈટી ટેક્નોલોજીસ, બેન્ક ઓફ ઈન્ડિયા મિડકેપ સૌથી વધુ નુકસાન પામ્યા હતા. નેશનલ એલ્યુમિનિયમ કંપની, યુનાઈટેડ બ્રુઅરીઝ, ભારત ડાયનેમિક્સ, જેએસડબ્લ્યુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટોપ ગેઈનર્સ હતા.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ ’’ | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ ’’ | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| ક્પાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| ક્પાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| ક્પાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૫૮૫૦ |
| તેજાબી સોનું | ૧૬૫૭૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૭૫૬૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૬૨૫૩૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૫૮૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૭૩૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૭૪૫૦૦ |

# GST ભરવાનાં થયેલ ભૂલ પાછળ, કોઈ બદ-ઈરાદો ન હોય તો તેવી ભૂલ સુધારવા તક આપવા ફરમાવતો

## GST એપેલેટ ટ્રિબ્યુનલ દિલ્હીનો.. પહેલો સરસ ચૂકાદો

**કાયદાની કેડીએ...**
ઈશ્વર રૂદલાલ

જ્યારે GST ભરવામાં થયેલ ભૂલ પાછળ કરચોરીનો કોઈ બદ-ઈરાદો ન હોય ત્યારે.. તેવી ભૂલ સુધારવા કરદાતાને તક આપવા ફરીથી નિર્ણય કરવા યોગ્ય અધિકારોને રિમાન્ડ કરતો... 8 વર્ષ બાદ શરૂ થયેલી GST એપેલેટ ટ્રિબ્યુનલ, પ્રિન્સીપલ બેન્ચ, ન્યુ દિલ્હીના સ્ટેરલીંગ એન્ડ વિલ્સન પ્રા.લી. વિ. કમિશનર ઓડિસાના APL/1/DB/2026ના પહેલા ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો....

**હકીકત...**

વર્ષ 2018-19 માટે અરજદાર કંપની દ્વારા ફોર્મ GST-1ની સરખામણીમાં ફોર્મ GSTR-3Bમાં રૂા. 27 લાખ જેટલી ઓછી વેરાકિય જવાબદારીને કારણે અધિકારી દ્વારા કલમ 74 હેઠળ તા. 26-4-20નો આદેશ પસાર કરીને રૂા. 27,06634નો વેરો, રૂા. 11,04,581નું વ્યાજ અને રૂા. 27,06,634નો દંડ મળી કુલ રૂા. 65,17,849નું માંગણુ ઊભુ કરતો આદેશ પસાર કરવામાં આવ્યો. આ આદેશ સામે, પ્રથમ અપીલમાં અપીલ અધિકારીએ ઠરાવ્યું કે કરચોરી કરવાનો કંપનીનો કોઈ બદ-ઈરાદો હતો નહી. કારણકે બંને GST જે તફાવત હતો તે માટે કંપનીએ ડેબીટ અને ક્રેડીટનોટ આપીને ચોપડે નોંધેલ હતી. આમ છતાં- ડેબીટ અને ક્રેડિટ નોટને GSTમાં યોગ્ય રીતે દર્શાવીને કે વાર્ષિક પત્રકમાં મેળવણી કરીને દર્શાવેલ ન હતી. તેમજ કંપનીએ આપેલ ક્રેડિટ નોટને કારણે, તેને પ્રાપ્ત કરનારે તેની ટેક્સ ક્રેડિટ ઘટાડેલ હતી. તેવુ સાબિત કરવામાં આવેલ ન હતું, એમ જણાવી, અપીલ અધિકારીએ કલમ 74 હેઠળ પસાર કરેલ આદેશને, કલમ 73નો આદેશ કરાવીને, દંડની રકમ 100%થી ઘટાડી 10% કરી, માંગણાની રકમ ઘટાડતો તા. 6-9-22નો આદેશ પસાર કર્યો હતો, જે સામે કંપનીએ GST ટ્રિબ્યુનલ સમક્ષ બીજી અપીલ દાખલ કરેલ.

**રજૂઆત**

અરજદાર કંપની તરફથી રજૂઆત કરતાં જણાવવામાં આવ્યું કે ફોજ GSTR-1 અને 3B વચ્ચે જે તફાવત હતો તે તેમના દ્વારા આપવામાં આવેલ ક્રેડિટનોટ અને મળેલ એડવાન્સના એજસ્ટમેન્ટને કારણે હતો, જે તેઓ સિસ્ટમની મર્યાદાઓને કારણે સુધારી શક્યા ન હતા. પરંતુ આ બાબતને લગતી નોંધ ચોપડે કરવામાં આવેલ અને તેને 300 માં સ્વીકારવામાં આવેલ. આમાં કરચોરીનો કોઈ અવકાશ હતો નહી. આ એક કલેરાકલ ભૂલ ગણી શકાય, કે જે એવા સમયે થયેલ કે જ્યારે ઓનલાઈન પત્રકો ભરવાની પધ્ધતિ સંપૂર્ણપણે કાર્યરત થયેલ ન હતી. GSTમાં સમેચના કારણે ચોપડા સાથે મેળવણી કર્યા વગર કંપની સામે ઊભું કરવામાં આવેલ માંગણું ગેરકાયદેસરનું છે.

**ચૂકાદો..**

મા. ટ્રીબ્યુનલે ચૂકાદો આપતા નોંધ લીધી કે અસલ આદેશ કલમ 74 હેઠળ કરવામાં આવેલ અને તેમના મત મુજબ, તે અયોગ્ય હતો ત્યારે કલમ 73 હેઠળનો આદેશ જે અધિકારીએ કલમ 74 હેઠળના આદેશ કરવા નોટિસ આપેલ તેજ અધિકારી કરી શકે. તો ટ્રીબ્યુનલે બ્રાન્ચની નોંધ લીધી કે GST કાયદો ઊભો કરાયો છે અને પ્રમાણિક કરદાતોના બચાવ કરવો જોઈએ અને શરૂઆતના સમયમાં GST ભરવા માટે વ્યવસાયિકો પારંગત ન હોય શકે. વળી રજૂઆતના સમયના GST મેન્યુઅલી દાખલ કરવામાં આવતા હતા જ્યારે રિટર્ન ભરવા માટે ઓટો પોપ્યુલેટેડ અને ડિજીટલ પધ્ધતિ અમલમા ન હતી. આ સંજોગોમાં કલેરીકલ ભૂલ સભંવિત છે એમ જણાવી, કલમ 74નો આદેશ કલમ 73માં નવદીલ કરવાનો નિર્ણય કાયમ રાખીને કેસ અંગે ફરીથી નિર્ણય કરવા યોગ્ય અધિકારીને રિમાન્ડ કર્યો અને કંપનીને એક મહિનાના સમયમાંGST સુધારવા માટે એંજી કરવા પરવાનગી આપેલ.

# સુંદર પિચાઈનું પેકેજ હવે રૂ. 63 ,617 કરોડે

**જો કે** આનો મોટો ભાગ કંપનીના શેરોના સ્વરૂપમાં હશે અને આ પેકેજ 3 વર્ષનું

**ગૂગલના** આ વડાને હાલમાં વાર્ષિક ૨૦ લાખ ડોલર પગાર મળે છે

**વિશ્વના** સૌથી મોંઘા CEO બન્યા




વૉશિંગ્ટન, તા. ૭: ફાઈનાન્શિયલ ટાઈમ્સના શનિવારના અહેવાલ મુજબ, આલ્ફાબેટની સંપૂર્ણ માલિકીની પેટાકંપની ગૂગલે તેના સીઈઓ સુંદર પિચાઈનું આગામી ત્રણ વર્ષ માટેનું કુલ સંભવિત વળતર વધારીને 692 મિલિયન ડોલર (આશરે રૂ. 63,61,79,82,000) કર્યું છે, જે તેમને વૈશ્વિક સ્તરે સૌથી વધુ પગાર મેળવતા એક્ઝિક્યુટિવ્સમાંના એક બનાવે છે. આ પેકેજનો મોટો હિસ્સો પર્ફોર્મન્સ સ્ટોક યુનિટ્સ (PSUs) માંથી આવે છે જેનું મૂલ્ય 126 મિલિયન ડોલર છે અને તેને બે સરખા હિસ્સામાં વહેંચવામાં આવ્યું છે. આ PSUs એસ એન્ડ પી 100 (S|P 100)ની સંદર્ભમાં આલ્ફાબેટના કુલ શેરધારકના વળતર સાથે જોડાયેલા છે. જો તે પર્ફોર્મન્સના લક્ષ્યાંકો વટાવી દે તો આ રકમ બમણી થઈને 252 મિલિયન ડોલર થઈ શકે છે, અથવા જો બેન્ચમાર્ક ચૂકી જાય તો કંઈ પણ ન મળે એવું પણ બની શકે છે. વધુમાં, અહેવાલ મુજબ પિચાઈને 20 લાખ ડોલરના વાર્ષિક પગારની સાથે ત્રણ વર્ષમાં માસિક ધોરણે વેસ્ટિંગ થતા 84 મિલિયન ડોલરના રિસ્ટ્રિક્ટેડ સ્ટોક પણ પ્રાપ્ત થશે. ટેક જાયન્ટે તેના સ્વાયત્ત સાહસોના વિકાસ સાથે જોડાયેલા કુલ ડોલરના 350 મિલિયન સુધીના નવા સ્ટોક ઈન્સેન્ટિવ્સ પણ રજૂ કર્યા છે.

| વિગત | મૂલ્ય (ડોલરમાં) | અંદાજિત મૂલ્ય (રૂપિયામાં) |
|---|---|---|
| કુલ સંભવિત પેકેજ | $692 મિલિયન | રૂ.63,617 કરોડ |
| વાર્ષિક પગાર | $2 મિલિયન | રૂ.18 કરોડથી વધુ |
| પર્ફોર્મન્સ સ્ટોક | $126 - $252 મિલિયન | રૂ.11,000 - રૂ.23,000 કરોડ |
| રિસ્ટ્રિક્ટેડ સ્ટોક | $84 મિલિયન | રૂ.7,700 કરોડથી વધુ |
| વેમો સ્ટોક | $130 મિલિયન | રૂ.11,900 કરોડ |
| વિંગ એવિએશન શેર | $45 મિલિયન | રૂ.4,100 કરોડ |

# પાકિસ્તાનમાં પેટ્રોલમાં લિટરદીઠ 55નો તોતિંગ વધારો

**પેટ્રોલ** રૂ.335.86 અને ડીઝલ રૂ.321.17 પર પહોંચ્યું

નવી દિલ્હી, તા. 7છ ઈરાન પરના યુદ્ધની અસર પાકિસ્તાન ઉપર જોવા મળી હતી અને પાકિસ્તાને પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારો કર્યો છે. પાકિસ્તાને પેટ્રોલ અને ડીઝલના ભાવમાં લગભગ 20 ટકાનો વધારો કર્યો છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં 55 રૂપિયા પ્રતિ લીટર સુધીનો વધારો કરવામાં આવ્યો છે. જેથી પાકિસ્તાનમાં પેટ્રોલની કિંમત હવે વધીને 335.86 રૂપિયા પ્રતિ અને ડીઝલની કિંમત 321.17 રૂપિયા પ્રતિ લીટરે પહોંચી ગઈ છે. સરકારની દલીલ છે કે યુએસ-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધ અને મધ્ય પૂર્વમાં તણાવને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ઝડપથી વધારો થયો છે, જેના કારણે આ નિર્ણય લેવો પડ્યો હતો.

પ્રધાનમંત્રી શાહબાઝ શરીફે પેટ્રોલની અછતની અફવાઓ અને સંગ્રહખોરીની ફરિયાદો વચ્ચે કડક ચેતવણી આપી છે. તેમણે કહ્યું છે કે પેટ્રોલનો સ્ટોક છુપાવનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

પાકિસ્તાન સરકારનું કહેવું છે કે તે હાલના પેટ્રોલના ભંડારને લાંબા સમય સુધી લંબાવવાની યોજના બનાવી રહી છે. અમને ખબર નથી કે મધ્ય પૂર્વમાં આ સંકટ ક્યારે સમાપ્ત થશે. આની અસર સપ્લાય ચેઈન પર પડી શકે છે, તેથી આપણે અગાઉથી તૈયાર રહેવું પડશે.

# પશ્ચિમ એશિયા સંકટ: નિકાસકારોને હવે ઓગસ્ટ સુધીની છૂટછાટ

**સરકારી** પ્રોત્સાહન યોજના હેઠળ વિદેશથી કરમુક્ત મશીનો મંગાવતા નિકાસકારો માટે નિકાસ જવાબદારી (EO) સમયગાળો અથવા બ્લોક-વાઈઝ EO સમયગાળો ૨૧ ઓગસ્ટ સુધી લંબાવી અપાયો

**આ** માટે નિકાસકારોએ કોઇ કમ્પોઝિશન ફી ચુકવવી પડશે નહીં

નવી દિલ્હી, 7 માર્ચ (PTI): એક નોટિફિકેશન મુજબ, પશ્ચિમ એશિયાના વર્તમાન સંકટને કારણે વેપારી સમુદાય માલસામાનની અવરજવરમાં મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો હોવાથી, સરકારે નિકાસકારોને તેમની નિકાસ જવાબદારીઓ પૂર્ણ કરવામાં કેટલીક છૂટછાટ આપી છે.

ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (DGFT) એ એક જાહેર નોટિસમાં જણાવ્યું છે કે, આંતરરાષ્ટ્રીય શિપિંગ રૂટ્સ અને વૈશ્વિક સપ્લાય ચેઈનને અસર કરતા વર્તમાન ભૂરાજકીય ઘટના વિકાસને ધ્યાનમાં રાખીને અને નિકાસકારોને સુવિધા આપવાના હેતુથી, નિર્દિષ્ટ એડવાન્સ ઓથોરાઈઝેશન અને EPCG ઓથોરાઈઝેશન હેઠળ જે નિકાસ જવાબદારી (EO) સમયગાળો અથવા બ્લોક-વાઈઝ EO સમયગાળો 1 માર્ચ, 2026 અને 31 મે, 2026 ની વચ્ચે સમાપ્ત થાય છે, તેને કોઈ પણ કમ્પોઝિશન ફી ચૂકવ્યા વિના આપોઆપ 31 ઓગસ્ટ, 2026 સુધી લંબાવવામાં આવ્યો છે.

એક્સપોર્ટ પ્રમોશન કેપિટલ ગુડ્સ (EPCG) યોજના હેઠળ, સ્થાનિક કંપનીઓને ડ્યુટી-ફ્રી મશીનો આયાત કરવાની છૂટ આપવામાં આવે છે.

# ‘મીશો’ મુશ્કેલીમાં: આઈટી વિભાગે ફટકારી 1500 કરોડની નોટિસ

**ટેક્સ** ડિમાન્ડ સામે કંપની કાનૂની જંગ લડશે

નવી દિલ્હી, તા. 7: ઈ-કોમર્સ માર્કેટપ્લેસ મીશોને આકારણી વર્ષ 2023-24 માટે લગભગ 1500 કરોડ રૂપિયાની આવકવેરા માંગ નોટિસ મળી છે. કંપનીએ એક્સચેન્જ ફાઈલિંગમાં કહ્યું હતું કે તે આ આદેશને પડકારશે. આવકવેરા વિભાગના એસેસમેન્ટ યુનિટ દ્વારા આવકવેરા અધિનિયમની કલમ 156 હેઠળ આ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. સાથે જ કંપનીને આવકવેરા કાયદાની કલમ 143 (3) હેઠળ આકારણી આદેશ જારી કરવામાં આવ્યો છે. મીશોના જણાવ્યા અનુસાર, આવકવેરા વિભાગે તેમની પાસેથી લગભગ 1500 કરોડ રૂપિયાનો આવકવેરો માંગ્યો છે. તેમાં વ્યાજ પણ શામેલ છે. કંપનીએ કહ્યું છે કે તે આકારણી હુકમમાં કરવામાં આવેલા નિરીક્ષણો અને ગોઠવણો સાથે સહમત નથી અને માંગને પડકારવાની યોજના બનાવી રહી છે. કંપનીનું માનવું છે કે કાયદા અને તથ્યોના આધારે તેના મુદ્દાને ન્યાયી ઠેરવવા માટે તેની પાસે પૂરતા કારણો છે. તે તેના હિતોની રક્ષા માટે જરૂરી પગલાં લઈ રહી છે. કંપનીએ એમ પણ કહ્યું હતું કે આ ઓર્ડરથી તેની નાણાકીય સ્થિતિ, કામગીરી અથવા અન્ય પ્રવૃત્તિઓ પર કોઈ મોટી પ્રતિકૂળ અસર પડશે નહીં. મીશોની શરૂઆત 2015માં વિદિત આત્રે અને સંજીવ બરનવાલ દ્વારા કરવામાં આવી હતી. કંપની ડિસેમ્બર 2025માં સ્ટોક એક્સચેન્જમાં સૂચિબદ્ધ થઈ હતી. તેનો 5421.20 કરોડ રૂપિયાનો આઈપીઓ 81.76 ગણો ભર્યો હતો.

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**દાંત નું સ્વાસ્થ્ય**

આમળાં તાજા મળતા હોય તો તેનો રસ કાઢી તેમાં સહેજ કપૂર ભેળવી, દાંત, પેઢા પર હળવેથી ઘસી રાખી મૂકો.

### આજનું પંચાંગ

**તા. 08/03/2026, રવિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** ફાગણ
**તિથિ:** વદ: પાંચમ: 21:11- રંગ પંચમી
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ફાગણ: 17
**નક્ષત્ર :** સ્વાતિ: 13:32
**યોગ :** ધ્રુવ **કરણ:** કૌવલ
**રાશિ:** તુલા (ર,ત)
**દિવસ :** સામાન્ય - શ્રી જયંતી
**સુરતમાં સૂર્યોદય :** 06:55
**સુરતમાં સૂર્યાસ્ત :** 18:44
**નવકારસી :** 07:43
**પારસી વર્ષ :** 1395 મહેર માસનો 26મોરોજ
**મુસલમાન વર્ષ :** 1447, રમજાન માસનો 18મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ
**રાત્રિનાં ચોઘડિયાં:** શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ
**રાહુ કાળ:** સાંજે: 16:30 થી 18:00 સુધી

### આપની આજ

**જયોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** વેપાર-ધંધામાં નવા કરાર થાય. રોજની આવક વધે. જીવન સાથી સાથે સામાજિક કામ પાર પડે. શુભ સમાચાર મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** લેવડ-દેવડમાં વિવાદ ટાળવો. શત્રુઓની પીછેહઠ થાય. આરોગ્ય સુધરે. સરકારી કામમાં મદદ મળે. ખર્ચાળ દિવસ.

**મિથુન (ક,છ,ઘ,):** વિદ્યાર્થીઓને મદદ મળે. દેવ-દર્શન થાય. સરકારી યોજનાનો લાભ મળે. પ્રેમમાં વિશ્વાસ વધશે.

**કર્ક (ડ,હ,):** આરોગ્ય સુધરે, નવા ધંધાની યોજના બને. શુભ સમાચાર મળે. ઘરમાં નવા સુખ સગવડનાં સાધનો આવે.

**સિંહ (મ,ટ,):** જીવન સાથીના આરોગ્યની ચિંતા સતાવે. પ્રવાસ, શિક્ષણ, દલાલી, ટ્યુશન ટેક્નોલોજીના કામમાં લાભ.

**કન્યા (પ,ઠ,ણ,):** પાર્ટી-પિકનીક થાય. વિદ્યાર્થીઓને રાહત રહે. ઘરના કામમાં મદદ મળે. ઉઘરાણી આવે.

**તુલા (ર,ત,):** કામનો બોજ વધે. જવાબદારીના કારણે મન અશાંત રહે. ઘરમં ઉત્સવ જેવુ વાતાવરણ રહે.

**વૃશ્ચિક (ન,ય,):** પડવા-વાગવાથી સાવધાન. ગુપ્ત ભય સતાવે. શુભ સમાચાર મળે. તીર્થયાત્રા અને દેવ દર્શનથી શાંતિ.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** જૂના-મિત્રો સંબંધીઓનો સાથ મળે. શુભ સમાચાર મળે. આર્થિક આયોજન પાર પડે. નવી તક મળે.

**મકર (ખ,જ,):** આવક વધે. નોકરીની નવી તક ઊભી થાય. સમાજમાં માન વધે. રોજના કામમાં કંટાળો આવે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** વિદેશ પ્રવાસ, ઉચ્ચ શિક્ષણ આયાત નિકાસનાં કામ પાર પડશે. ધાર્મિક પ્રવાસ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** પારિવારિક પ્રશ્નો સતાવે. આરોગ્યના ખર્ચા વધશે. ધાર્મિક પ્રવૃત્તિથી શાંતિ મળે. આવક વધશે.

### કોઈ પણ સાલમાં 08 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય પસાર થાય. નોકરી-ધંધામાં નવા ફેરફાર નવી ટેક્નોલોજી અને સરકારી નીતિ નવી જવાબદારી વધારે. બોજ અને દોડ-ધામ વધશે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. આરોગ્ય સામાન્ય રહે. સમાજમાં માન વધે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં મદદ નવા ઘર, વાહન, મકાનનાં યોગ બનશે. વારસા, જાયદાદ, જમીન બાબતે વિઘ્નો આવે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિલંબ થાય. વિદેશના કામ અટકશે. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. ઉંમર લાયકના વિવાહ થાય. મિત્રો-વડીલોની મદદ અવાર-નવાર મળતી રહે. પ્રેમ વિવાહમાં મદદ મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. ડિસેમ્બર-જાન્યુઆરી-ફેબ્રુઆરી તથા 8,17, 26 તારીખ અને શુક્ર શનિવાર નવા કામ માટે અનુકૂળ રહેશે. માર્ચ- એપ્રિલ તથા બુધવાર 7,16, 25 તારીખે નવાં કામ ટાળવાં કાળો-ભૂરો રંગ ઉપયોગમાં લેવો. સોનેરી રંગનો ઉપયોગ ટાળવો.


**Dakshin Gujarat Vij Company Limited**
CIN U40102GJ2003SGC042909
Bardoli Division
66 kV SS Compound, Surat-Bardoli Road, Bardoli 394 601
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

**Tender Notice**

Tenders (Nos. 248 to 258) are invited from registered firms/parties for works including fabrication, erection and maintenance of HT/LT lines and T/C, laying, testing and commissioning of 11/22 KV underground XLPE cable (185 sq. mm XLPE to be supplied by DGVCL) with cable end termination & straight-through jointing kit (to be supplied by the contractor) at various sub-divisions under Bardoli Division. For further details, please visit www.nprocure.com.

EE (O&M), Bardoli Division, DGVCL.

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents

**ઇ-ટેન્ડરીંગ**
**નર્મદા જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**જાહેર નિવિદા નં.૧૪ સને ૨૦૨૫-૨૬**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઇજનેરશ્રી, મધ્યમ સિંચાઇ યોજના વિભાગ, જુના ને.હા. નં-૮, કરજણ નહેર વસાહત, અંકલેશ્વર - ૩૯૩૦૦૨ દ્વારા ૩ (ત્રણ) કામ કે જેની અંદાજીત રકમ રૂ. ૪૭.૦૪ લાખ થી ૯૦.૮૭ લાખ છે. તે માટે ઓનલાઇન ટેન્ડરો માન્ય વર્ગના ઇજારદારો પાસેથી મંગાવવામાં આવે છે. જે કામના ટેન્ડરો tender.nprocure.com ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. જેની ઓનલાઇન સબમીશનની છેલ્લી તા.૨૫/૦૩/૨૦૨૬ ના રોજ ૧૮-૦૦ કલાક સુધીની છે.

વધુ વિગતો www.statetenders.gujarat.gov.in અને tender.nprocure.com પર જોઇ શકાશે.

નોંધ:- હવે પછીના કોઈપણ સુધારાઓ હશે તે tender.nprocure.com સાઇટ પર ઓનલાઇન સીધા કરવામાં આવશે.

માહિતી/ભરૂચ/૮૪૬/૨૦૨૬

**રાજપીપલા નગરપાલિકા**
**ઈ-ટેન્ડરીંગ**

આથી નીચે મુજબના કામો કરવાના હોઇ ઇજારદારો પાસેથી ઓનલાઇન ટેન્ડરો મંગાવવાનાં છે ટેન્ડરની વિગત https://tendar.nprocure.com પર જોવા મળશે. કોન્ટ્રાકટરશ્રી દ્વારા ટેન્ડરમાં માંગ્યા મુજબના પુરાવા જોડવાના રહેશે.
ટેન્ડર આઇડી-283030, 283662

| ક્રમ | કામનું નામ | અંદાજીત રકમ | ઈએમડી | ટેન્ડર ફી |
|---|---|---|---|---|
| ૧ | રાજપીપલા નગરપાલિકા કચેરીનું હેરીટેજ થીમ આધારિત રૂફ વર્કનું કામ | ૨૮,૭૭,૪૮૪.૦૦ | ૨૯૦૦૦.૦૦ | ૨૮૩૨.૦૦ |
| | ● ટેન્ડર ડાઉનલોડ કરવાની તારીખ: ૦૫/૦૩/૨૦૨૬ થી ૧૩/૦૩/૨૦૨૬ ● ભૌતિક સબમીશન તારીખ: ૧૩/૦૩/૨૦૨૬ ઓનલાઈન ટેન્ડર ખોલવાની તારીખ: ૧૩/૦૩/૨૦૨૬ | | | |
| ૨ | રાજપીપલા નગરપાલિકા વિસ્તારમાં GVP પોઇન્ટ ડેવલપમેન્ટ કરવાનું કામ | ૧૧,૫૩,૦૭૮.૦૦ | ૧૧૫૩૦.૭૮ | ૧૦૭૦.૦૦ |
| | ● ટેન્ડર ડાઉનલોડ કરવાની તારીખ: ૦૬/૦૩/૨૦૨૬ થી ૧૬/૦૩/૨૦૨૬ ● ભૌતિક સબમીશન તારીખ: ૧૬/૦૩/૨૦૨૬ . ઓનલાઈન ટેન્ડર ખોલવાની તારીખ:૧૬/૦૩/૨૦૨૬ | | | |

(કુલદીપસિંહ એ.ગોહિલ) કારોબારી અધ્યક્ષ રાજપીપલા નગરપાલિકા
(જયકિશન તડવી) મુખ્ય અધિકારી રાજપીપલા નગરપાલિકા
(ધર્મિષ્ઠાબેન કે.પટેલ) પ્રમુખ રાજપીપલા નગરપાલિકા
માહિતી/નર્મદા/૫૨૧/૨૦૨૫-૨૬

**સુરત મહાનગરપાલિકા**
**નગર રચના યોજના, સુરત નં.: ૯૫(ગભેણી) નો મુસદ્દો પ્રસિદ્ધ કરવા બાબત**
**અધિસુચન**
FIT INDIA

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોકત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૨(૧) અને અધિનિયમનાં નિયમો-૧૯૭૯ નાં નિયમ-૧૮ અન્વયે તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ યોજનાની મુખ્ય હદો નીચે મુજબ છે.

ઉત્તરે - સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૮૭(ગભેણી) તથા મોજે: ગભેણી ગામતળનો વિસ્તાર.
દક્ષિણ - મોજે: તલંગપોર તથા મોજે: ઉબેર નો નગર રચના યોજના સિવાયનો (નોન ટી.પી.સ્કીમ) વિસ્તાર.
પૂર્વે - સચિન નિર્દિષ્ટ વિસ્તાર (Sachin Notified Area)
પશ્ચિમે - ખાડી અને મોજે: ગભેણી પૈકીનો બાકીનો વિસ્તાર.

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, બહુમાળી બિલ્ડીંગની પાછળ, નાનપુરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજયપત્રમાં ઉપરોકત અધિસુચનની પ્રસિદ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યકિત આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિતમાં કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો, કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાને લેશે.

ન.પી.આર.ઓ./૭૧૩/૨૦૨૫-૨૬
તારીખ: ૦૭-૦૩-૨૦૨૬
કમિશનર
સુરત મહાનગરપાલિકા

**Surat Municipal Corporation (SMC)**
**“Surat Mahanagar Seva Sadan”**
Gordhandas Chokhawala Marg, Muglisara, Surat-395003, Gujarat
Notice Inviting Bid DC-ISD-ICMGP-02-2026
FIT INDIA

Bid is invited by SMC online on https://smctender nprocure.com for below work:

| Tender No. | Name of Work | Bid End Date, Bid Fee & EMD |
|---|---|---|
| DC-ISD-ICMGP-02-2026 | Bid for Supply, Installation, Testing and Commissioning of Integrated Campaign Monitoring & Governance Portal | Bid End Date: 16/03/2026 Bid Fee: Rs. 4,248/- (Rs. 3600/- + 18% GST) EMD: Rs. 1,25,000/- |

No. P. R. O/720/2025-26
Date: 07-03-2026
Deputy Commissioner
Surat Municipal Corporation

**સુરત મહાનગરપાલિકા**
**નગર રચના યોજના, સુરત નં.: ૯૬(વરીયાવ) નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત**
**અધિસુચન**
FIT INDIA

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોકત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨(૧) અને અધિનિયમનાં નિયમો-૧૯૭૯ નાં નિયમ-૧૮ અન્વયે તૈયાર કરી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ યોજનાની મુખ્ય હદો નીચે મુજબ છે.

ઉત્તર - મોજે : વરીયાવ પૈકીનો વિસ્તાર
દક્ષિણ - ફા.ટી.પી. સ્કીમ નં.૩૭(વરીયાવ) અને ડ્રા.ટી.પી.સ્કીમ નં.૮૩(વરીયાવ-કોસાડ)
પૂર્વ - ડ્રા. ટી.પી.સ્કીમ નં.૮૮ (વરીયાવ) અને મોજે : વરીયાવ પૈકીનો વિસ્તાર
પશ્ચિમ - મોજે : વરીયાવ

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યકિતઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, બહુમાળી બિલ્ડીંગની પાછળ, નાનપુરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજયપત્રમાં ઉપરોકત અધિસુચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યકિત આ યોજનાના સંબંધમાં વાંધા / સુચનો બે નકલોમાં લેખિતમાં કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો, કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાને લેશે.

ન.પી.આર.ઓ./૭૧૬/૨૦૨૫-૨૬
તારીખ: ૦૭-૦૩-૨૦૨૬
કમિશનર
સુરત મહાનગરપાલિકા

**BIRSA MUNDA TRIBAL UNIVERSITY, RAJPIPLA**
BMTU Main Campus, Administrative Building,
At.Jitnagar, Rajpipla, Ta. Nandod, Dist. Narmada,
Gujarat - 393145

**RECRUITMENT NOTIFICATION**

Advertisement No: Tri. Uni./Narmada/F.No.478/Notification/6532 to 6551/2026
Dt.:07/03/2026

Applications are invited for following Administrative Posts of Birsa Munda Tribal University, Rajpipla, Dist. Narmada, Gujarat. Candidates are requested to submit their application in the prescribed Performa before Dt. 07/04/2026.

| SR NO. | NAME OF POST | NUMBER OF POST | CATEGORY | PAY SCALE |
|---|---|---|---|---|
| 1 | Registrar (For the tenure of 5 years) | 1 | 1-General | 37,400-67,000 GP-10,000 |

Note: The Detail Advertisement and Application form will be available on http://bmtu.ac.in/ after 12:00 noon Date.09/03/2026.

Date: 07/03/2026
Place: Rajpipla
i/c Registrar
Birsa Munda Tribal University
Rajpipla
માહિતી/નર્મદા/૫૧૯/૨૦૨૫-૨૬